સરવે સહુનોમા વાંચવા લાયક.

રશીલી વાર્તા.

મર્દ અને ઓરતા, અને મદદે ખુદા નો ચિતાર.

રચનાર—રણછોડદાસ આર. એમ.



સુરત ઓદાયમશ્રી પ્રેસ નાગપાર.
મનમોહનજી ૯/સગો.૮૭ ૧૪ માર્ચ.

રશીલી વાર્ત્તા.

દીલ્લીની ઉત્તરે એક ઘણુંજ સુંદર ઉજવળ કચીને મોટું શેહેર છે. એ શેહેર, અગાડી ઘણુંજ નામીચુ અને સોભાયમાન ગણાતું હતું. તે વખતમાં એ શેહેરનો રાજા ગુમાનસિંહ રાજ ચલાવતો હતો, રાજ્ય કારભારમાં રાજાની અક્કલ ઝાઝી ચાલતી નહોતી, પણ વજીર, અને કાજીથી એ રાજ તકી રહ્યું હતું. એ રાજા સ્વભાવીક રીતે જોતાં તેનો મીજાજ મજોજ ઠરેલ, અને માયાળુ માલમ પડતો હતો. એને મણીહર્ષા નામની એક ઉત્તમ રાણી. ઘણી ચતુર ચેતક, અને ગ્યાનથી ભરપૂર મળી હતી, તેથી હરેક કાંમમાં ગુમાનસિંહ રાણીની સલાહ લેતા. એ રાણીને એક કુંવરી સીવાય બીજું કાંઇ સંતાન નહોતું. એ કુંવરીનું નાંમ એની માતાએ પ્યારથી **સોભામણી** રાખ્યું હતું. સોભામણીનો ઘડનાર કોન હશેકે, તેનું તેજ એક સૂર્યની બરાબરી, કરી સૂર્યને સરમમાં નાંખવાને પાછળ પડતું નોહતું; તેના ગુલાબી ગાલ ગુલાબીરંગને ઝાંખો કરવામાં એવાતો સક્તિવાન હતાંકે, તે રંગ એક મરોડીની સંગાથે મળી જતો. તેનાં દુધીઆ દાંત મોતીની બરાબરી કરવાને પાછળ પડતાં નહોતા. અને તેની આંખોની ચળકતી કીકી હીરાને પણ ટક્કર મારતી. એનો ચોટલો કાળી નાગણનાં રંગમાં બનેલો હતો. તેમ કપાળનું તેજ દરપણની મિત્રાચારીમાં સામેલ હતું. અને એના હોઠ ઉપર પરવાલા પણ ઝાંખા પડતાં. માટે વાંચનાર સજ્જનો. એના ખુબસુર્તિ જેવી રીતે મોઢાંની હતી, તેજ મુજબ એના આખા શરિરની સમજવી.

એ કુંવરીની પાસે વિદ્યાદેવી, એની હજુરમાં દાશી તરીકે રહેતી હતી; તે શીવાય એના મેહેલમાં કોઇપણ રહેતું નોહતું. એની માતુશ્રી મણીહર્ષા હમેશા પોતાની કુંવરી સોભામણીનાં દર્શને જતી, અને પ્યારથી વાત ચીત કરતી. ઘણી વખતે તો મણીહર્ષા પોતાની આંખમાં આંસુ લાવતી, અને દીલમાં પસ્તાવો

કરતીકે, "મારી કુંવરીને એનાં રૂપ પ્રમાણે, જોડું મળવું મુશ્કેલછે." આ વખતે સોભામણી પણ પોતાની વ્હાલી માતુશ્રીનાં રડવાથી મનમાં મુંઝાતી હતી. અને માતુશ્રીને ધીરજ આપતી કે. "ઇશ્વરે મને આવું રૂપ ઘડયું છે, તો મારૂં જોડું નહીં ઘડયું હોય." કુંવરી યોગ્ય ઉમ્મરે થવા આવી, તેથી રાજા ગુમાનસિંહ પણ ચીંતામાં બળ્યા કરતો. રાજાએ કુંવરીનો મેહેલ એક ઘણી સારી જગ્યામાં બંધાવેલો હતો. અને મેહેલની અંદર પસંદ પડતું ફેરનીચર કાંમ બેસાડેલું હતું. તે સાથ ફરતી બારીઓ હવાને માટે રખાવેલી હતી, મેહેલનાં ચોથા માળપર કુંવરી હમેશા વિદ્યાદેવી સાથે વખત ગાળતી અને તદ્દન પણ દુઃખ જાણતા નહી.

એ શેહેરમાં એક મોતીરાંમ નામનો વિદ્યાર્થિ બ્રાહ્મણ રહેતો હતો. એની ઉમ્મર ૨૦ વરસની હતી. એ બ્રાહ્મણ સારી કેળવણીએ પાંમેલો છતાં, પોતે નાહાન ગુરૂથી અસર એનામાં હતી. પણ એનો એક નાનપણથી બંધાયેલો જીગરજાન મિત્ર તેના દુરગુણોને હરેક પ્રકારે દુર કરવામાં સારો ઉપયોગના ધરાવતો હતો. એનો મિત્ર જાતનો સુથાર હતો પણ અક્કલ અને આલાકીથી સંપુર્ણ હતો. તેનું નામ નાનપણમાં હરીઓ! કરી કહેતાં. પણ સારી કેળવણીથી મોટાં મોટાં નકરી કામોમાં પંકાઈ જવાથી, સૌ કોઇ હરીલાલ કરી કેહતાં. હરીલાલ માયાળું, દયાળુ અને હરેક કાંમમાં પુરો ગણાતો હતો. એની ઉમ્મરપણ, મોતીરામની બરાબર હતી. એ બંને મિત્રો હરરોજ શેહેરમાં મોટાં બજાર તરફ સાંજના વખતે ફરવા નિકળી સારી સારી વસ્તુઓ જોઇ મન લોભાવતા. બંનેનો એક સંપ તેથી હરેક કામમાં તેઓ ફતેહમંદ થયા વગર પાછળ પડતાં નહીં. તેમ મિત્રાચારીમાં, પણ એકએકનો સ્વભાવ તપાસી સેવાને ચૂક ખાતાં નોહતાં.

આ એક સંપના મિત્રો હમેશા ઘરમાથી સાંજનાં ચાર કલાકે બાહર ફરવા નીકળતાં, અને શેહેરમાં આવેલી એક દીપચંદશાહશેઠની દુકાનમાં ભેળા મળતાં. કોઇ વખતે મોતીરાંમને ઘરમાંથી નિકળતાં વાર લાગતો, હરીલાલ પોતાનાં જીગરજાન મિત્રની રાહ જોતો દીપચંદશાહશેઠની દુકાનમાં બેશતો. અને વખતે હરીલાલ ન આવ્યાં હોયતો—મોતીરાંમ વાર જોતો. આ

રીતે હરરોજ બંને મિત્ર દીપચંદશાહની દુકાનપર ભેગા થઈ ફરવા જતાં અને સાંજયાકાળનો સમય થવા આવેકે પોત પોતાનાં મુકામે જઈ પોંહોચતાં હતાં. આવીરીતે બંને મિત્રો એક સંપથી પોતાનો મિત્રાઈદાવો સારી રીતે જાળવતાં, અને કાંઈ પણ ખાંમી પોંહોચાડતાં નહીં.

એક વખતે ગોકળઅસ્તમીનો દિવસ હોવાથી તે શેહેરમાં ઘણી સારી રચનાથઈ રહીછે, જ્યાં મેવાવાળાઓ વાડીમાંથી તરતનાં તોડેલાં જાત જાતનાં ફળો વેચવા મુકેછે અને મીઠાઈવાળાઓએ પોતાની દુકાંનપર તરેહવાર જાતની મીઠાઈ ગોઠવી, સોભાયમાન દેખાતી કરેછે. તેમજ અગાડી જોતાં, નાના બાળકોનાં મંન લલચાય એવાં રેમકડાઓ, તાંગેલાછે, વિગેરે બીજી અનેક પ્રકારની દુકાનો તે શેહેરમાં મોટો દિવશ હોવાથી ઘણા માણસો કમાવાને બાન્ધેછે. ટુંકામાં કહેતાં ત્યાં આગળ દુકાંનોનો તો પારજ નથી. આવાં સુભ દીવશે તે શેહેરનાં રહીશ (સ્ત્રી અને મરદો) સારાં સારાં લુગડાં ઘરેણાં પેહેરી હાથપર બાળકોને ઉંચકી ગોકળઅસ્તમીનાં મેળામાં ફરવા જાયછે.

આવાં સારાં પ્રસંગે હરીલાલ તે દીવશે સ્નાન પુંજા કરી, ભોજન લઈ, પોતાનાં કીંમતી લુગડાં પેહેરી, ચાર કલાક અગાડી ઘરમાંથી બાહાર નીકળી, શેહેરમાં આવેલી દીપચંદશાની દુકાનમાં પોતાના મિત્રની વાટ જોતો બેઠો. હવે મોતીરાંમે પણ તે દિવશે, પોતાનાં ઘરમાં મંનગમતી રશોઈ બનાવી, પછી જમીને પસંદ પડતાં લુગડાં પેહેરી, દીપચંદશાની દુકાન તરફ ચાલ્યો. હરીલાલે, આ વખતે મોતીરાંમને આવતો જોઈ ઘણોજ હર્ષ પાંમી કહ્યું—"આવાં સારાં પ્રસંગેતો ઘરમાંથી વેહેલા નિકળ્યે?" પછી બન્ને મિત્રો દીપચંદશાહની દુકાને મીઠી જીભાથી વાત ચીત કરી, પાન સોપારી લઈ, શેહેરમાં ફરવા નિકળ્યા. ઘણી જગ્યાએ બંન્ને મિત્રો ફરીબાદ રાજાના મેહેલ તરફ ચાલ્યા; રાજાનો મેહેલ આવાં શુભ દીવસમાં, સારી જલેશ આપતો હતો, કેમકે મેહેલની ચારો બાજુએ હાંડી, ટાંગતાં, ઝુમરો, ઝાલરો, અને રંગ રાગાનમાં તે દિવશે લોકોને જોવાને માટે ઘણા ઠાઠથી સનગારી દીધો હતો. રાજાનો મેહેલની સઘળી રચ

ના તેઇ હરીલાલ અને મોતીરાંમ અતિઅંત ખુશી થતાં, કુંવ રીનાં મેહેલ તરફ ગયા.

આવા પ્રસંગમાં કુંવરીનાં મેહેલપર કાંઇપણ સનગાર કીધેલ નહોતો. પણ ફક્ત, મેહેલની બાહર થોડાં આશા વોસની જાળી બાંધી નાંખેલાં, અને તેની ચોરે બાજૂએ, લીલાં અને સફેત કાગળના ફૂલો જાળીની શાખે ચોહડેલાં જોવામાં આવતાં. અને મેહેલનાં કમ્પાઉંડમાં આસરે પચાશેક સીપાઇઓ હાથમાં તરવાર પકડી. આમ તેમ ડોલતાં ફરતાં હતાં. તેમ ત્યાં આગળ લોકો ની હદ સીપાઇ શીવાય હતીજ નહીં. મોતીરાંમ અને હરીલાલ, બેચાર મીનીટ ઉભારહી, ત્યાથી આગળ વધ્યા; આ વખતે ઉચી નજરે ચાલતાં મોતીરાંમની નજર જ્યાં કુંવરી સનગાર સજી મેહેલનાં ચોકા મુખે બેઠી હતી. ત્યાં આગળ પોંહોચી. મોતીરાંમે કુંવરીને એક સૂર્યનાં બાલુકાની માફક જોઈ આંખે તમ્મર આ વ્યાં, અને જમીન ઉપર પડયો. આમ થતાંજ હરીલાલે મોતી રાંમને હાથ પકડી ઉભો કર્યો; અને પુછયું, "કેમ ભાઈ શું થયું ?" પણ તેનો જવાબ મળ્યો નહીં. ત્યારે વિચાર્યું જે હોશે. બાહરથી ચકર આવીને પડયો હશે. એ વાતની વધારે પુછપરછ નહીં કરતાં મોતીરાંમને ઘેર મુકી, પછી પોતાને ઘેર ગયો.

મોતીરાંમ ઘેર ગયા બાદ વિચાર કરવા લાગ્યો જે આજે આખ્ખા શેહેરની રચના જોઇ, પણ રાજાની કુંવરી જોઇ તેનાં જેવી આ પૃથ્વીપર કોઇને પણ મળવી મુશકેલછે. આહાહા ! તેનું મુખારવિંદ સુર્યને સરમમાં નાંખવાંને શક્તિવાન થઈ પડયું હતું, તો હું તે શું ગણત્રીમાં, અરેરે ! એનો ઘડનારતો કોઇ મોહાન હોવો જોઇએ .આવા વિચારમાં મોતીરાંમ ગાંડાંની માફક રાજાની કુંવરીપર દીવાનો થયો, રાત્રે વાળુ પણ ક્યાંથી કરે ભૂખ્યોને ભૂખ્યો ઓરડામાં જઈને સુતો. સુતાપછી ચેન તે ક્યાંથી પડે, જાણે મોતીરાંમને જબરી ચુડેલ વળગી હોય એવું જ કોળ એના શરીરનું થયું. અને જીવ ભમવા લાગ્યો. આ ખી સતલો મોતીરાંમની એક વરસ જેવી ગઈ, પ્રભાત થતાં સુધીમાં એના શરીરનું જોર; તદન ખોવાઇ ગયું. અને એક દર

એની હાલતમાં પડી રહ્યો. એનાં ઘરમાં કોઇપણ માલુમ નોહતું. કેમકે એનાં માતપિતા એનાં ૧૯ વરશની ઉમ્મરમાં મરણ પામ્યાં હતાં. અને સ્ત્રી હતી પણ ઉમ્મર લાયક નોહતી, તેથી તે તેનાં પીયરમાંજ રહેતી હતી. માટે આ વખતે મોતી રાંમને કોઇ કહેનાર નોહતું, તેથી બાઇ સાહેબ! પથારીમાંજ આળોટયા કરતાં હતાં.

"હરીલાલ" ઘેર ગયાં બાદ વાળુ કરીને પોતાનાં જીગર જાન મિત્રની ફીકરમાંજ સુતો હતો; કેમકે તેને વિચાર્યું જે મારાં મિત્રની તબીયત એકાએક કયા પ્રકારથી બગડી હોશે. તે જાણ વાને હરીલાલ ઘણોજ ઊંડા વિચારમાં ફસી ગયો હતો. પ્રભાત થતાં હરીલાલે સ્નાન પુજા કરી, ભોજન લઇ, હમેશનાં કામે બેઠો. હરીલાલ દયાળુ અને માયાળુ સ્વભાવનો હોવાથી પોતાના મિત્રની ફીકર એનાં અંગમાંથી ખશીનહીં પોતાના કામે વળ ગયો પણ સુઝ તે ક્યાંથી પડે. અને ઘડીઆળનો ટાઇમ સાચ વવામાં ચુક્યો નહીં. થોડો વખત ગયા બાદ લુગડાં પાઘડી પહેરી દીપચંદશાની દુકાનપર ગયો. દીપચંદશાની દુકાને હરી લાલ ચાર કલાક પેહેલાનો જઇને મોતીરાંમની વાટ જોતે હતો ઘણી ખરી વાતો દીપચંદશાની શાથે કરીબાદ છેક સાંજપડી પણ મોતીરાંમ આવ્યો નહીં, તેથી વધારે ચીંતાતુર થઇ, આ જે કેમ નહીં આવ્યો હશે. તેની ખબર માટે ફીકર કરતો મોતીરાંમને ઘેર જવાનો ઇરાદો કર્યો.

"મોતીરાંમ" ગઇ કાલનો ભુખ્યો. એક કોચની ઉપર આળોટયા કરતો હતો, અને રાજાની કુંવરીને મળવાનો ઇરાદો પોતાનાં મનમા લાવી, તેનું ધ્યાન અંતરમાં ધરી, મોટાં મોટાં તુરંગો બાંધતો હતો. એટલામાં હરીલાલે આવીને વાસના કમાંડ ઉઘડાવ્યાં, અને તબીયતનો હેવાલ પુછવા લાગ્યો.

હરીલાલ—મારાં પ્યારા મિત્ર આજ તાહરી ઉદાશી. અને શોકસાગરમાં ડુબેલો ચેહેરો જોઇ, માહરાં આખા શરિરના રૂંવે રૂંવા ઉભા થાયછે; અરે! જેને તને ડુબાવ્યો હોય, તેનું [illegible]! જીગરજાન મિત્ર તને એવું તે શું દુઃખ પડયું, તે મને કહે કે, તારી હાલત જોઇ મારૂં મન બેશાંત કરી રહ્યું છે;

નહી! નહી! તું મને સાચું કહે, હું તારે માટે આ મારો પ્રાણ આપવાને તઇયાર છું.

આવી રીતથી હરીલાલે ઘણુંજ કાલાવાલા કરી સમજાં વીને પુછયુ ત્યારે—

મોતીરામ—અરે! મારાં વાહલાં, તું મને જે કહેછે તે હું તારો ઉપકાર માનુંછું; પણ ભાઈ, આપણે ગઇ કાલે ફરવા ગયાં હતાં ને રાજાનો મેહેલ જોઇને, કુંવરીનાં મેહેલથી આગળ ચાલતાં હું ભોયપર તમ્મર ખાઇને પડયો હતો તે પડવાનું કારણ એ હતું કે, રાજાની કુંવરી મેહેલનાં ચોઠાં માલપેર બેઠેલી મારી દ્રષ્ટે પડી, અને તે જોતાં વારમાં હું જમીન પર પડયો. પ્યારા મિત્ર તે એક સૂર્યની માફક મેહેલમાં પ્રકાશી રહી હતી. જે જોતાં મારી શુધ્ધી ઠેકાણે રહી નથી, અને કાલનો બેહાલ થઇ પડયોછું. માટે ગમે તે પ્રકારે મારે મળવાનો ઉપાય શોધવો જોઇએ. અને હું ધારૂંછુ જે એ નહીં મળશેતો ખચીત મારે અન પાણીથી દુશમનાઇ થશે. અને શરિર પણ તેના ઝાગમા શેકાયા કરશે.

આ સઘળી હકીકત સાંભળી હરીલાલે વિચાર દોડાવી, મોતીરામની ઉમેદ પાર પાડવાને હીમત પકડી કહ્યું.

હરીલાલ—અરે! મારાં જીવજાન, તું ગભરાઇશ નહીં અને ધીરજ રાખ, હું તને મારી હીકમતથી, કુંવરીની શાથે મેળવીશ; પણ દોસ્ત તું હાલ ઉઠ અને રસોઈ તઇયાર કરી, ભોજન લે; અને તાહરી સઘળી ફીકર આઘી નાંખ, આમ દીવાનાની માફક શું બની જાયછે, લે હું વચન આપુંછું કે, કાલે ને કાલે એ કુંવરી શાથે તને મેળવવાની તદબીર કરીશ. તું બે ફીકર રહે, અને કાલે મારે ત્યાં રાતના નવ કલાકને સુમારે આવજે. હું તને કુંવરી શાથે મેળાપ થાય એવી અક્કલથી તને એના મેહેલમાં મોકલીશ હરીલાલે મોતીરામને ઘણી હીમ્મત આપી અને તેનું દરદ દુર કરવાને વચન આપી ત્યાંથી પોતાને ઘેર ગયો.

હરીલાલે ઘેર આવીને, મોટા વિચાર પોતાનાં મનમાં કરતાની એક સારું મેંડું લાકડું લઇ તેને વેહેલી કાપી, તે બાદ

ડાંચો એક ગરૂડપક્ષી બનાવવાનું શરૂ કીધું. આ ગરૂડ બનાવવા માં એટલી બધીતો અક્કલ વાપરી હતી જે, તે ગરૂડનાં દરેક સાંધે સાંધા હળતાં હતાં. અને તેની અંદર સાંચા કાંમ જોડી દીધું હતું. વળી ઘણીજ તાજુબીથી તે ગરૂડને રંગ રોગાણથી સનગારી દીધો હતો. ગરૂડ બનાવ્યા બાદ હરીલાલે લાકડાના બુતાં બે હાથ પણ તૈયાર કરી, માણુસનાં રંગમાં હાથનો રંગ મળી જાય એવાં પ્રકારનો રંગ દઈને પોતાનાં ઘરમાં શુકાતા મુકયાં. ગરૂર અને બે હાથ તઈયાર કરવામાં હરીલાલનો વખત આખી રાત અને આખો દહાડો મળી ચોવીશ કલાક ગયો હતો. આવાં કાંમમાં એની અક્કલે હદ વાલી હતી, જે ગરૂડ માં સાંચા કામ મુકયું હતું તે બીલકુલ માલમ પડતું નોહતું. અને એની કલાથી જયાં ઉરાડયું હોય ત્યાં ઉડી શકતું.

હવે મોતીરાંમ ખુશ મીજાજથી બીજે દીવશે રાતના નવ કલાકે લુગડાં પાઘડી પેહરી હરીલાલને ત્યાં ગયો. હરીલાલે પોતાના મિત્રને માન સહિત ખુરશીપર બેશાડી પાન સોપારી વાદી મુખવાસ આપી, સાન્ત પાડયો. પછી પોતાની બનાવેલી ચીજો. મોતીરાંમની આગળ મુકી આ વખતે મોતીરાંમ ગરૂડ જોતા વીચારમાં પડયો જે, આ પક્ષી એને કયાંથી મળયું, અને શી રીતે હાથ આવ્યું હશે. વળી આ કોઈ માણુસના હાથપણ મારી સામું મુકયાંછે, તેને શું કરશે. પછી હરીલાલ પોતાની પાસથી એક ભરેલો જામો, રેશમી કોરનું ધોતીયું. માથાનો મુગટ, કીનખાબનો પટો, અને ભરેલાં જોડાં, વિગરે દેવતાઈ પોષાક લાવીને પેહરાવવું શરૂ કીધું. સઘળો પોષાક તેને પેહરાવી, કુશરૂપ ધારણ કરાવ્યું અને જે હાથ તઈયાર હતાં તે, હરીલાલે પોતાની હીકમતથી જોડી દીધાં. આવી રીતે બરાબર સનગાર સજાવી, તેનાં ઉપર એક ચાદર નાખી, અને ગરૂડને હાથમાં ઉંચકી લઈ, ઘરમાંથી રાતનાં ૧૧ કલાકે બાહાર નીકળી, કુંવરીનાં મેહેલની સામુ એક ખાલી ચોગાન હતું ત્યાં આગળ ગયાં.

આ ચોગાનમાં રાતના વખતે ત્યાં આગળ વસ્તી રહેતી નથી. અને એ ચોગાન આગળથી નજર કરીએતો કુંવરીના મેહેલનો ઉપલો ભાગ બધો માલમ પડેછે, તેમ મેહેલનાં ચોકા બાજુની ૧૪ બારીઓ હમેશા ખુલ્લીજ રહેછે, પછી હરીલાલે

મોતીરામને ભોગાન આગળથી ગરૂડપર બેસાડી. ઉપર જવાની અને નીચે ઉતરવાની તદબીર જે ગરૂડમાં સાંચાકામ જોડેલું હતું. તેનેથી બરાબર વાકેફગાર કીધો. અને બીજી સમજ આપીને કહ્યું - કે, જો તમે કુંવરી પુછેકે, તમે કોણછો? તારે જવાબ આપવોકે. હું "ભગવાનછું" અને તું મારી દાશીછે. આ અવતારમાં તને મોકલી હું બહુ પસતાવુંછું. કેમકે તારા જેવી દાશી સ્વર્ગમાં પણ નથી માટે તારા વગર મને ચેન પડતું નથી આ પ્રમાણે મોતીરામને ઘણાક શીખવી સોંપ્યું અને પોતાના ઘર તરફ ગયા

મોતીરામે હકીમાનાં શીખવ્યા મુજબ ગરૂડ ઉડાડી કુંવરીના મેહેલમાં ગયો. મેહેલની અંદર ફરતા ઝુમર અને ચાર બાંકીઓમાં ગ્લાસ ગેસની બત્તીઓ હતી. અને કુંવરી એક શીગાસન ઉપર નિદ્રા દેવીને સ્વાધીન થયેલી માલમ પડતી હતી આ વખતે મોતીરામ છાની ચલાવી એકદમ કુંવરીની પાસ જઈ. તેના માથા ઉપર પોતાનો જમણો હાથ મુકયો. આ હાથ પડતાની સાથે, કુંવરી ગભરાટમાં સમસમીને બેઠી થઈ. જુવેછેતો આ ભગવાન નજરે પડ્યાં. નિહાળી જોતાં, માથા ઉપર મુગટ દીપી રહ્યોછે, અને ચારતો હાથછે. વળી ગરૂડપર બીરાજી રહ્યાછે. અને તેના તેજથી આખા મેહેલમાં ઝગ ઝગાટ થઈ રહ્યોછે.

આ વખતે કુંવરી શીગાશન ઉપરથી નીચે ઉતરી, ભગવાનના સામાં હાથ જોડી ઉભી રહી.

"કુંવરીએ" ભગવાનને નમન કરી પૂછ્યુંજે, તમે કોણછો? અને આપનું પધારવું એકાએક કેમ થયું? તે દાશીને કેહેશો તો ઉપકારી થઈશ. (નમન કરેછે.)

"મોતીરામે" કહ્યું હું ભગવાનછું,? મેં તને આ અવતારમાં મોકલી, ઘણોજ પસતાવું છું, કેમકે તું મારી દાશીછે? અને તારા જેવી સ્વર્ગમાં પણ નથી. અને આ અવતારમાં કોઈ તારો જોડ (પુરૂષ) પણ નથી.?

• કુંવરી ઘણીજ ખુશી થઈ કહેવાલાગી. ઓ હોહો! મારાં એવાં ભાગ્ય ક્યાંથી કેહું ભગવાનની દાશી થાઉં. પછી ભગવાનને શીરૂં પુંજા વિગરે લાવીને અતિ પ્રેમ સહિત પુંજા કીધી. ભગવાને ગરૂડને છોડ્યો મુકી કુંવરીની સાથે પ્યારથી વાતે

આવી તેનું દીલ ખુશી કીધું. થોડા વખત ગયાં પછી, કુંવરીએ ભગવાનનાં પગ દાબવા માંડયાં. આ વખતે મોતીરાંમ પાતાળમાંછે કે, સ્વર્ગમાંછે, તેનીતો ખબરજ નથી. અને નિરાંતે શીંઆશનપર ભગવાનને રૂપે પડયા પડયા ઉંઘેછે; થોડી વારે જાગૃત થઇ ત્યારથી બેઠેછે. પછી રંગવિલાસ કરી ત્યાંથી અંતર ધ્યાન થવા ગરૂડપર બેશેછે. આ વખતે કુંવરી ઉભી થઇ હાથ જોડી કહ્યું કે "હવે હમેશાં દાશીને દર્શન દેશોતો સારૂં નહીંતો મારૂં જીવીને શું કામનુંછે. હું તો આજદીન શુધી તમારાં ઉપરજ ભરોસો રાખી બેઠી હતી, અને તમે મારી ઇચ્છા પુરી કીધી તેથી આજ હું જેટલી ખુશી ઉપજાઉં તેટલી ઓછીછે" પછી મોતીરાંમ ત્યાંથી ગરૂડ ઉગાડી, ચોગાનમાં આવ્યો, અને ત્યાંથી ગરૂડનો ઉંચકી પોતાને ઘેરગયો કુંવરીએ જાણ્યુંકે ભગવાન અંતર ધ્યાન થયા, પછી દીલગીર થઇ શુતી, અને ધારતી કે કાલે ભગવાન પધારશે કે નહીં. એમ કુંવરીનાં દીલમાં ભગવાન રમી રહ્યા હતાં.

હવે મોતીરાંમ ઘેર આવી, ગરૂડને ઉંચો મુકી, પોતાંના આસને જઇ શુતો. પ્રભાત થતાં સ્નાન પુંજન કરી રશોઇ બનાવી, જમી ને લુગડાં પાઘડી પેહેરી હરીલાલને ઘેર જઇ રાતની બનેલી સઘળી હકીગત દર્શાવી. તેસાંભળી, હરીલાલ ઘણોજ ખુશી થયો. અને ખાજી વાતોથી મોતીરાંમને હીમ્મત આપી. અને ઘણી ખરી શીખામણ દઇ, તેના સ્વભાવમાં ફેરફાર કરવાને હરીલાલે ચાહેના બતાવી. મોતીરાંમ પોતાનાં મિત્રની સઘળી વાતો ધ્યાનમાં લેતો. અને તેનો ઉપકાર ઘડી પણ વિશરતો નહીં પછી ત્યાંથી મોતીરામે હરીલાલની રજાલઇ પોતાના મુકામપર ગયો.

આ પ્રમાણે મોતીરાંમ ભગવાંનનું રૂપ ધારણ કરી. ગરૂડપર બેશી કુંવરીની મુલાકાત દરરોજ લેતો. જાતે બ્રાહ્મણભાઇ એટલે લોભીઆતો હોયજ, જેથી મનમાં મોટાં મોટાં વિચાર લાવતો કે, આપણે આમ દરરોજ ગરૂડપર બેશી કુંવરીનું મોઢું લેવા જવું પડેછે તો હવે ઘેર લાવી નાંખીએતો મેહેનતમાથી બચીએ. એવાં એવાં તુરંગો પોતાનાં દીલમાં બાંધતો પણ પાછો વિચાર આવી જતોકે, હરીલાલને પુછયા શિવાય કાંઇપણ

કામ કરવુ યોગ્ય નહીં. અને કરીશતો તેમાં મને અડચણનોજ લાભ મળશે. આવાં આવાં વિચારોથી, મોતીરામ પ્રણોજ ખુશા લીમાં દિવસ ગાળતો હતો. અને એનાં સઘળા દિવશો ઉંડા વિચારમાંજ જતા હતા. દિવસના વિચાર બાંધવા અને રાત્રે કુંવરીનાં મેહલમાં ભાગાજવું. મોતીરામ કોઇપણ જાતનો વિચાર બાંધતો, પણ પોતાનાં મિત્ર "હરગુલાલ" ની સલાહ શિવાય બાર પડતો નંહોતો

આજ રાત્રે કુંવરીના મેહેલમાં જવાને માટે ઘણોજ આ કળ વિકળ થઇ રહેલો "મોતીરામ" ઘરમાંથી કલાક અગાડી નિકળ્યો; અને કુંવરીનાં મેહલમાં જઇ પોતાનાં હમેશનાં નિયમ પ્રમાણે, સુખ ચેનમા પડયો. આ વખતે મેહેલના ચોકીદાર સીપાઓ, જેઓ નુરખાં, જમાલખાં, અને હુશેનખાં જાગ્રત હોવાથી તેલોકોને મેહલની અંદર કાંઇ મોહતો ખડભડાટ સંભળાગો આ ખડભડાટ શેનો થયો હશે, તે વિષે માંહો માંહે વાતો કરવા લાગ્યા.

નુરખાં—દેખોભાઇ અબીકે અપના રાજાકુ જાકે બોલદેગે તો અછા હોગા નહીંતો ઘરમે અપની જાનકુ નુંકસાની હોગા

જમાલખાં—અરે શાલે! ઘરમે બોલનેકા ક્યાહે? જુઠી તકરાર કરનાશો ક્યા કાઉંકી. એતો મેરા બાંદર છપરેપર કુદા હોગાશો ઉસકા અવાજ અપનકું માલુમ પડા.

નુરખાં— વાહ! મીઆં જમાલખાં અછા! કેહેદા. મગર તુંમ મેરી એક દુંસરી બાત શુંનલો? અપન સબ સીપાઇ ચુપ ચાપ બેઠે રહો ઔર ઘરપર તીરછી બરાબર નજર રખકર દેખો કે, પાછે ક્યા હોતાએ.

હુશેનખાં—દેખોભાઇ તુંમ કહેતેહો, શો સબ બાત તુમેરી બરાબર હે? પણ અભીતો નહીં મગર ફજરકું અપણે રાણી સાહેબકું કહેનાં ચાહીએ કાંઉકે બખતપર કુછ સચી બાત હોવેગીતો અપનું નશીબ ખીલેગા.

આ વખતે સઘળા સિપાઇઓએ "હુશેનખા"ની વાત બરાબર સમજીને પ્રભાત થતાંમાં રાણી સાહેબને જાહેર કરવું


એવા વિચાર મુકરર કર્યો થોડો વખત જતાંમાં બધાં સીપાઇ ઓ પોત પોતાની પહારીમાં જઈ ઉંઘવા મંડયા. આ વખતે સીપાઇઓની નીચે વાત ચીત થઇ ગઇ. તે વિષે મોતીરામને, તેમ જ કુંવરીને બીલકુલ ખબર નથી અને તેઓ પોતાના સ્નેહની અંદર લીન થઈ, ઘણા પ્રેમી ભાષણો સંગાં પણે કરતા હતાં ઘણો વખત થઇ ગયા પછી મોતીરામ પોતાને ઘેર જવાને તૈયાર થયા. કુંવરીએ કર જોડી શાશનમાંથી ભગવાનને કહયું "પધા રજો".

પ્રભાત થતા કુંવરીના મહેલની ચોકી કરનાર સિપાઈઓ ના અને રાતના બનાવ થયો તે વિષેની રાણી સાહેબ મણીહર્ષાને ખબર આપવાને એક સીપાઈ ગયો અને રાતની બીની સઘળી હકીગત કહી સંભળાવી. "મણીહર્ષા" એ સીપાઇ ના મોઢથી આવી વાત સાંભળી વિચારમાં પડયાં. કુંવરીના મ નની માટે બાબત તપાસ કરી; એવું સમજી આ વાત રાજાને કાને પણ જવા દીધી નહી. રાત્રે જ્યારે અંધારું પડવા આવી ત્યારે મણીહર્ષા કુંવરીના શયનના ઓરડા જ્યાં કુંવરી આરામ લેયછે તેના પાસના ઓરડામાં છુપી રહી; ત્યાં આગળ એક નાહનું બારીયું હતું તે જાળીઆમાંથી મણીહર્ષાએ કુંવરીની રીત ભાત જોવામાંડી આ વખતે કુંવરી આખામણી બીલકુલ જાગતી હતી. અને સોળે ભાતના સારા સારા વસ્ત્ર આભુષણ વિગેરે પોતાના અંગપર સજી, સર્વ પ્રકારની રસાળનો થાળ ભરી, પુજા પાત્ર વિગેરે તઈયાર રાખી ભગવાનની, રાહ જોઈ રહી હતી. કુંવરીના આવાં ચાળા જોઈ મણીહર્ષાને ઘણુંજ દુઃખ લાગતું હતું પણ તેને પાછો વિચાર કરયોકે, જોઇએ હવે શું થાયછે.

જ્યારે રાતના અગીઆર કલાકનો સમો થવા આવ્યોકે, "મોતીરામ" ભગવાનનું રૂપ ધારણ કરી ગરૂડ પર સ્વારથઇ કુંવરીનાં મેહેલમાં આવ્યો. મેહેલમા ભગવાન આવ્યાકે, તરત કુંવરીએ પુંજાનો થાળ હાથમાં ધરી ભગવાનની યોગ્ય રીતે પુજા કરીને સોનાના બાજઠ ઉપર બેસાડી, રશોઇના થાળ અને જળ વિગેરે ભગવાનની આગળ મુકી. પછી અરસપરસ ભોજન લેવા બેઠાં. ભોજન લઇ રહ્યાપછી પાનસોપારી વિગેરેના મુખવાસ લેઇ, આનંદથી વાત ચીતમાં વખત ગાળતાં, હતા. આ વખત મણીહર્ષા

ભગવાનને ગોખ જાળીઆમાંથી હાથ જોડી તેમનાં દરશન કર્યાં; અને જેટલો કુંવરીને માટે પશ્ચાતાપ કરયો હતો. તેથી [illegible] ખુસીમા ગઈ થઈ કે, ઓહોહો! મારી સોભામણીને માટે જેટલી ફીકર રાખી હતી તેતો મથરે આપો આપ ઉતરીને દુર કરી, તે નજર મારાં પણ કેવા ભાગ્યકે આજે શ્રી ભગવાનનાં દરશન થયાં માટે હવે અહીંઆ વધારે વખત રહેવું એ યોગ્ય નહીં. અને રહીશતો કુંવરીને ખોટુ લાગશે એવો વિચાર કરીને ત્યાંથી મણીહર્ષા પોતાનાં મેહેલમાં ગઇ. કુંવરી અને મોતીરામે રાત ગાન ક્રીયાબાદ સોગઠાબાજીની રમત શરૂ કીધી. સોગઠાબાજીની રમતમાં મોતીરામ હુસ્યારીથી એકપણ બાજી કુંવરીને જીતવા દેતાનહી. એરીતે ઘણોક વખત નિકળી ગયાંપછી મોતીરામ પોતાને સ્થળે આવવાને તઈયાર થયો ગરૂડ પગમેરથી ત્યાં આગાળથી ગરૂડ ઉરાડયો અને પોતાને દેશ આવ્યો.

"મણીહર્ષા" રાતનાં કુંવરીના મેહેલમાંથી ભગવાનનાં દરશન કરી પોતાના મેહેલમાં જઈ સુતી. પણ બીલકુલ ચેનપડયું નહીં કારણકે પોતાના પતિ ચમાનખાંહને એવાત કહેવાને ઉમઉમી રહી હતી જ્યારે પ્રભાત થયોકે. મણીહર્ષાએ રાજાને તેડવા અનુચરદાસીને મોકલી. અનુચરદાસી રાજાની હજુરમાં જઈ, કહયુ કે "તમને બાદશાહ બોલાવે" આ સાંભળતે રાજા ઘણોજ વિચારમા પડયો કે, એવું તે શું કામ પડયુ હશે આજે પ્રભાત થતાં મારો ખપ પડયો. પછી રાજા અને અનુચરદાસી રાણીના મેહેલમાં ગયા મણીહર્ષાએ પોતાની કુંવરીનો બનેલો હેવાલ રાજાને પુરતી સમજ પાડી કહયો જે હેવાલ સાંભળી રાજા ઘણોજ ખુસી થયો. અને રાણીને કહ્યું —હે... હવે આપણી સઘળી ચીતાં દુરથઈ અને જે યોગ્ય "વર" સોધવાને આપને ઇશ્વરની પ્રાથના હમેશા કરતાં હતાં તે હવે —ઇશ્વર આપો આપ મલ્યાં એટલે આપણે શું ફીકરછે. રાજા હરખભેર વાતોના તડાકા રાણીસાથે મારે છે એટલામાં એક સીપાઈ ચીઠીલઈને રાજા પાસે આવીને કહે છે "જેંગાર શેહેરકા રાજા" તુંગેર સામને લડનેકુ આતાહે [illegible] ચીઠ્ઠી ઉનોકા સીપાઈ લેકે આયાહે" રાજા સિપાઈના [illegible] ચીઠ્ઠી લઈ વાંચેછે અને રાણી સાંભળેછે.



૧ આનો
કીમત ૪ આના
ગોપીચંદનાટક
વેચનાર મં. જ.